એકમ 7

# ખેતી વિકાસ અને યોજનાઓ

## રૂપરેખા

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ગુજરાતની ખેતીની સમસ્યાઓ

7.3 ખેતી વિકાસને અસર કરતા પરિબળો

7.4 ખેતી વિકાસના નિર્દેશકો :

7.5 સહાય યોજનાઓ :

7.5.1 રાજય સરકારની યોજનાઓ

7.5.2 કેન્દ્ર સરકારની યોજનાઓ

7.6 સારાંશ

7.7 ચાવીરૂપ શબ્દો

7.8 તમારી પ્રગતિ ચકાસો

★ સંદર્ભ વાચન

★ તમારી પ્રગતિ ચકાસો જવાબો

## 7.0 ઉદ્દેશો

(1) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની સમસ્યાઓ જાણવી

(2) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનો વિકાસ તપાસવો

(3) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે વિવિધ સહાય યોજનાઓ જાણવી

## 7.1 પ્રસ્તાવના ( Introduction)

ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને સમસ્યાઓથી ઘેરાયેલું રહ્યું છે. ગુજરાતના કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે ગુજરાતનું કૃષિ હવે માત્ર જીવન નિર્વાહ કૃષિ જ ન રહેતા, વાણિજય કૃષિ તરફ તેનો ઝોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોનું અસ્તિત્વ, યાંત્રિકીકરણ, સુધારેલાં બિયારણ, જંતુનાશક દવા, રાસાયણિક ખાતર વગેરેના વપરાશમાં વૃદ્ધિ જેવી બાબતો દ્વારા એવું જણાય છે કે ગુજરાતની કૃષિમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં સરકારની વિવિધ કૃષિ સહાય યોજનઓની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની સાબિત થઇ છે. આ બાબતોને ધ્યાનમાં રાખી

પ્રસ્તુત પ્રકરણમાં આપણે ગુજરાતની કૃષિની સમસ્યાઓ, વિકાસ અને સરકારની યોજનાઓની વિગતવાર ચર્ચા કરીશું.

## 7.2 ગુજરાતની ખેતની સમસ્યાઓ : ( The Problems of Agriculture in Gujarat) :

ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને સમસ્યાઓથી ઘેરાયલું રહ્યું છે. ગુજરાતના કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે કૃષિ ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે ગુજરાતની કૃષિ હવે માત્ર જીવન નિર્વાહની કૃષિ જ ન રહેતા, વાણિજય કૃષિ તરફ તેનો જોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોનું અસ્તિત્વ, યાંત્રિકરણ, સુધારેલાં બિયારણ, જંતુ નાશક દવા, રાસાયણિક ખાતક વગેરેના વપરાશમાં વૃદ્ધિ જેવી બાબતો દ્વારા અવું જણાય છે કે ગુજરાતની કૃષિમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં સરકારની વિવિધ કૃષિ સહાય યોજનાઓની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની સાબિત થઇ છે.

### 7.2.1 હલકા બિયારણનો ઉપયોગ :

ગુજરાતના ખેડૂતો સુધારેલાં બિયારણનો ઉપયોગ કરતા થયા હોવા છતાં તેનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ઘણા ખેડૂતો કપાસ, તલ, મગફળી, જીરૂં, મગ વગેરે પાકોના વાવેતર માટે ઘરગથ્થુ ઉત્પાદનનો ઉપયોગ કરે છે. ખેડૂતો માટે બિયારણના મુખ્ય ત્રણ વિકલ્પો છે. (અ) સરકાર માન્ય, વિશ્વાસુ, જવાબદારી અને કાયદેસર બીલવાળું બ્રાન્ડનું બિયારણ (બ) ઘરગથ્થુ બિયારણ (ક) ગેરકાયદેસર, વિશ્વાસ વગરનું જવાબદારી વગરનું અને બીલ વગરનું કે રફ બીલવાળું, માર્કેટીંગ કરી ખેડૂતોને ભોળવીને વેચવામાં આવતું ચાલુ બ્રાન્ડનું છુટક બિયારણ. આ ત્રણ વિકલ્પોમાંથી ત્રીજો વિકલ્પ પસંદ કરનાર ખેડૂતોનું પ્રમાણ ગુજરાતમાં ઘણું વધારે જણાય છે, જે ખેડૂતોને નુકસાન કારક નીવડે છે. ખેડૂતો આ બાબત સમજી શકતા નથી અને વેચાણકર્તાથી ભોળવાઇ મોટા નુકસાનનો ભોગ બને છે.

ખેડૂતો હલકાં અને હાઇબ્રિડ બિયારણખર્ચ તફાવત તથા તેના ઉપયોગથી પાક ઉપજ તફાવતની તુલના કરતા નથી અને તેથી ઊંચી ઉપજની તક ગુમાવે છે.

### 7.2.2 રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા : (Chemical Fertilizers and Pesticides) :

કૃષિ ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરનો વપરાશ ઘણો મહત્ત્વનો સાબિત થાય છે. જરૂરીયાત મુજબનું રાસાયણિક ખાતર પાકને યોગ્ય સમયે આપવામાં આવે તો ઉત્પાદકતા સારા પ્રમાણમાં વધારી શકાય છે. ગુજરાતના ખેડૂતો રાસાયણિક ખાતરનો હેકટર દીઠ ઉપયોગ ઘણો ઓછો કરે છે. આ ઉપરાંત મોટી સમસ્યા એ છે કે ખેતીમાં ખેડૂતો જેટલો રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે, તે પાક તથા ખેતીની જમીનની જરૂરીયાત તપાસીને કરતાં નથી. માત્ર પોતાના સાદા તર્ક દોડાવીને કરે છે. અહીં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો અભાવ જણાય છે. પરિણામે ખેડૂતો ઉત્પાદકતા વધુ મેળવવાની તક ગુમાવે છે.

કૃષિ માટે વપરાતાં રાસાયણિક ખાતરો ખેડૂતોને મોંઘા પડે છે. રાસાયણિક ખાતર માટે ખેડૂતોને સબસીડીનો લાભ મળતો હોય છે, છતાં ખેડૂતો માટે ભાવો

એટલા નીચા નથી જણાતા કે સામાન્ય ખેડૂત તેનો સરળતાથી ઉપયોગ કરી શકે. રાસાયણિક ખાતરની માંગ અને પૂરવઠામાં વારંવાર અસમતુલા સર્જાય છે. પાક માટે નિશ્ચિત સમયે રાસાયણિક ખાતર આપવું જરૂરી હોય છે. પરંતુ આવા સમયે ખેડૂતોને ખાતર ન મળતાં પાકનો યોગ્ય વિકાસ રૂંધાય છે. ખેડૂતોને નુકસાન સહન કરવું પડે છે. ગુજરાતની ખેતીમાં જંતુનાશ દવાનો ઉપયોગ પણ અપૂરતો અને યોગ્ય રીતે ના થતો હોય તેવું જોવા મળે છે.

### 7.2.3 સિંચાઇની સગવડમાં નહિવત્ વૃદ્ધિ :

ગુજરાતમાં મોટા ભાગે પિયતની મર્યાદાએ ખેતીને કુદરત સાથેનો વધારે જુગાર બનાવેલ છે. સમગ્ર દેશમાં જે સ્થિતિ કૃષિ ક્ષેત્રે પિયતની છે તેની સરખામણીમાં રાજયની સ્થિતિ પ્રમાણમાં કથળેલી છે. મોટા ભાગનો વિસ્તાર માત્ર વરસાદી ખેતી પર આધારિત છે. ગુજરાત સરકારની સહભાગી જળસંચય યોજનાઓ થકી નાના મોટા ચેકડેમો અને ખેત તલાવડીઓને કારણે આ સ્થિતિ થોડી હળવી થઇ હોવાનું જોવા મળ્યું છે, પરંતુ ખેતીનો કુલ વિસ્તાર, જમીનનો પ્રકાર, પાકની તરેહ વગેરેને ધ્યાનમાં લેતાં પિયતની માત્રા બહુ જ મર્યાદિત બની જાય છે.

### 7.2.4 મર્યાદિત વીજળી : ( Limited Electricity) :

ખેતીના નિપજકોમાં વીજળી મહત્ત્વની ગરજ સારે છે. જેમ જેમ ઉત્પાદનક્ષમતા માટેના પ્રયત્નો વધે છે. તેમ તેમ વીજળી માટેની જરૂરીયાત વધે છે. બે દૃષ્ટિથી તપાસતાં વીજળીના વપરાશ સંદર્ભે નબળું ચિત્ર જોવા મળે છે. સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે હાલમાં વીજ પુરવઠાની કૃષિમાં જરૂર છે તેની સરખામણીમાં 50 % પુરવઠો ખેતી માટે પ્રાપ્ત થતો હોય તેવું જોવા મળ્યું છે. ઘરગથ્થુ વીજળી કે વેપાર ધંધાની વીજળીના વપરાશમાં જે ઝડપથી વધારો જોવા મળ્યો છે, તેની સરખામણીમાં ખેતીમાં આ વધારો જોવા મળતો નથી. અહીં સરકારની નીતિની અસર જણાય આવે છે. ખેતી ક્ષેત્રે વીજ ચોરીના તર્કને માન્ય કરીએ તો પણ જે ચિત્ર ઉપસતું આવે તે એ છે કે વિદ્યુત પુરવઠાના સંચાલનમાં અન્ય ક્ષેત્રને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે. તેટલું ખેતી ક્ષેત્રને આપવામાં આવતું નથી. વિદ્યુત પુરવઠાને સતત પ્રવાહને બદલે તુટક તુટક આંઠ કલાકનો જ પુરવઠો પ્રાપ્ત થાય છે.

જયારે પાણીના તળ નીચા હોય અને વરસાદની ખેંચ હોય ત્યારે સમયસરનો અને પુરતો વીજ પુરવઠો ઊભા પાકને બચાવી લે છે. માત્ર છેલ્લા પાણીના પાકને બહુ મોટું નુકસાન થાય છે.

### 7.2.5 મજૂરોની અછત : ( Lack of Labour) :

ગુજરાતના કેટલાક કૃષિ પ્રદેશોમાં મજૂરોની નીદામણ તથા પાક એકત્રીકરણ વખતે ઊંચી માંગ જોવા મળે છે. આથી આ સમયગાળા દરમિયાન ખેત મજૂરોની ઊંચી માંગ રહેતી હોય છે. બાકીના સમયમાં ખેત મજૂરોની ખાસ માંગ રહેતી નથી. આથી આવા પ્રદેશોમાં કાયમી ખેત મજૂરી કરતો વર્ગ સમય જતાં ઘટતો રહ્યો છે. વર્તમાનમાં ઊંચી મોસમી માંગના પ્રમાણમાં આ વર્ગ નહિવત જણાય છે. બીજા જિલ્લાઓમાંથી ઊંચી માંગ વખતે મજૂરો આવે છે. છતાં ઊંચા વેતનદરો નકકી થાય છે. કયારેક તો મજૂરો ન મળતાં નીદામણના અભાવે પાકની વૃદ્ધિ પર માઠી અસર પડે છે. પાક સમયસર એકત્રીત ન થતાં ઉત્પાદન-ગુણવત્તા પણ ઘટે છે.

7.2.6 ખેત પેદાશોના ભાવો : ( Prices of Farm Produce) :

ખેડૂતોની અમુક પેદાશોના ભાવો તેના રોકાણ, સાહસ, જોખમ અને મહેનતના પ્રમાણમાં ઘણા નીચા જોવા મળે છે. સરકાર જે તે પાકના ટેકાના ભાવો નકકી કરતી હોય છે, પરંતુ બજારમાં તેનાથી નીચા ભાવોએ ખરીદ-વેચાણ થતાં હોવા છતાં સરકાર જે તે સમયે ટેકાના ભાવોએ ખરીદી કરવામાં વિલંબ કરતી હોય છે. આથી નાણાંની જરૂરિયાતવાળા તથા સંગ્રહની સગવડ વગરના ખેડૂતોને ટેકાના ભાવથી નીચા ભાવોએ વેચાણ કરી નુકસાન ભોગવવું પડે છે.

7.2.7 ખેત પેદાશોની સંગ્રહ વ્યવસ્થાનો અભાવ ( Lack of Storage Facilities of Farm Produce ) :

ગુજરાતના ખેડૂતો પાસે ખેત પેદાશના સંગ્રહની વ્યવસ્થા ઘણી અપૂરતી છે, આથી (અ) વેચાણ પહેલા કેટલીક ખેત પેદાશ નાશ પામે છે. (બ) ખેત પેદાશની ગુણવત્તા પર માઠી અસર પહોંચે છે. (ક) બજારમાં જે તે પેદાશની પુરવઠાના પ્રમાણમાં માંગ પ્રભાવશાળી હોય ત્યારે સારા ભાવ મેળવવા સુધી, ખેત પેદાશો ગુણવત્તાસભર સાચવી શકાતી નથી. આથી ખેડૂતોને ઓછા ભાવે વેચાણ કરવું પડે છે.

7.2.8 પાક ફેરબદલી પર અપૂરતું ધ્યાન : ( Less Focus on Crop rotation):

કૃષિમાં પાક ફેર બદલીનું ઘણું આર્થિક મહત્ત્વ છે. જેનાથી જમીન ગુણવત્તા જળવાય છે. વધે છે. અનુકૂળ પાક ફેરબદલીથી પાક ઉત્પાદકતા વધારી શકાય છે. ગુજરાતના ખેડૂતો પાક ફેરબદલીના લાભોથી પૂરતા સભાન નથી. ગુજરાતમાં યોગ્ય પાક ફેરબદલીનો અભાવ જણાય છે. આથી પાક ફેરબદલીનો અભાવ જણાય છે. આથી પાક ફેરબદલીના આર્થિક લાભો ખેડૂતો વિશેષ લઇ શકતા નથી.

7.2.9 સૂકી ખેતીનો ઓછો વિકાસ(Less of Development in Dry Farming) :

ગુજરાતમાં સરકારના નીતિ વિષયક કાર્યક્રમો અને કૃષિ વિશ્વવિદ્યાલય અંતર્ગત તજજ્ઞો દ્વારા થતાં રહેલા વિવિધ પ્રયોગોનું બહુ ઉજળું પરિણામ સૂકી ખેતીના વિસ્તારમાં જોવા મળ્યું નથી. પ્રયોગની ભૂમિકાએ પ્રાપ્ત થયેલા પરિણામો અને તેના અનુકાર્ય રૂપે જોવા મળતા ફેરફારો સૂકા વિસ્તારને વધુ હરીયાળો બનાવવામાં તેની કુલ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવામાં ખાસ સફળ થયેલ નથી.

7.2.10 બિનઆર્થિક ખેડાણ ઘટકો : ( Non-Economic Farm Units ) :

**બિનઆર્થિક ખેડાણ ઘટકો :**

| ક્રમ | જમીન ધારણ હેકટરમાં | કુલ ખાતેદાર | |
|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર |
| 1 | 0.50 થી ઓછી જમીન ( સીમાંત ખેડૂતો) | 947038(17.79) | 261304(2.61) |
| 2 | 0.50-0.99 ( અર્ધસીમાંત ખેડૂતો) | 1071789(20.14) | 811850(8.17) |
| 3 | 1.00-1.99 ( અતિનાના ખેડૂતો) | 1615788(30.36) | 2338174(23.43) |
| 4 | 2.00-3.99 ( નાના ખેડૂતો) | 1150254(21.51) | 3171855(31.78) |
| 5 | 4.00-9.99 ( મધ્યમ ખેડૂતો) | 495869 (9.31) | 2804446(28.10) |
| 6 | 10 થી વધારે ( મોટા ખેડૂતો) | 39888 (0.9) | 590150 (5.91) |
| 7 | કુલ | 5320626 (100) | 9977780 (100) |

( નોંધ : ખેડૂતોના વિવિધ પ્રકારો જમીન ધારણના આધારે પાડવામાં આવ્યા છે. Statistical Abstracts of Gujarat State- 2019 Agriculture Census 2015.)

ઉપરોક્ત માહિતી પરથી જોઇ શકાય છે કે અતિ નાના ખેડૂતોની સંખ્યાની ટકાવારી પ્રમાણ સૌથી વધારે 30.36 ટકા છે. જયારે તેમની પાસે જમીન વિસ્તાર પણ 23.43 ટકા જોવા મળે છે. સીમાંત ખેડૂતોની સંખ્યાની ટકાવારી પ્રમાણ 17.79 ટકા છે. તેઓની પાસે જમીન માત્ર 2.61 જ જોવા મળે છે. મોટા ખેડૂતોની સંખ્યા 0.9 ટકા છે. પણ તેઓની પાસે કુલ જમીનમાંથી 5.91 ટકા જમીન ધરાવે છે. એવી રીતે જ મધ્યમ ખેડૂતોની સંખ્યા 9.31 ટકા છે. પણ જમીનનું પ્રમાણ 28.10 ટકા જોવા મળે છે. તેથી સીમાંત અને અર્ધસીમાંત ખેડૂતો પોતાના ખેતરના નાના એકમો પર કૃષિ સાધનો જેવાં કે બળદ, કૂવા-ઘર, વધુ ક્ષમતાવાળા સ્રોત્રો-ઓજારો વગેરે રાખવા ખેડૂતોને પોસાતા નથી, કારણ કે, નાના ખેડાણ ઘટકના પ્રમાણમાં આવા સાધનોની કિમંત, જાળવણી ખર્ચ વધુ કરવું પડ છે. આથી આવા એકમોને બિનઆર્થિક ખેડાણ ઘટકો કહેવાય છે. ગુજરાતમાં ખંડવિભાજન અને ઉપવિભાજનના પરિણામે આવા બિનઆર્થિક ખેડાણ ઘટકોનું પ્રમાણ વિશેષ છે અને તેમાં વધારો થતો રહે છે.

7.2.11 કૃષિ ધિરાણ અપૂરતું તથા હેતુસર તેનો ઉપયોગ નહી : ( Inadequate Agricultural Credit) :

ગુજરાતમાં કૃષિ ધિરાણમાં વધારો સારા પ્રમાણમાં થયો હોવા છતાં તે ખેડૂતોની જરૂરિયાત માટે પુરતો નથી. હજુ કેટલાયે ખેડૂતોને સરળતાથી પોતાની જરૂરિયાતો મુજબનું લાંબા, મધ્યમ કે ટૂંકાગાળાનું ધિરાણ બેંકો કે સહકારી સંસ્થાઓ આપી શક્તી નથી. કૃષિ ધિરાણ મેળવવાની પ્રક્રિયા પણ અભણ કે ઓછું ભણેલા ગુજરાતના ખેડૂતોને નિરાશ કરી દે છે. આ ઉપરાંત ખેડૂતોને જે ધિરાણ પ્રાપ્ત થાય છે. તેનો ઓછો ઉપયોગ કૃષિ ખર્ચ માટે થાય છે. આ રકમમાંથી ઘણી રકમ ખેડૂત પોતાના નાના-મોટા પ્રસંગ, ઘર ખર્ચ તથા અન્ય વપરાશી ખર્ચ પાછળ કરે છે. આથી કૃષિમાં ધિરાણનો પૂરતો લાભ મળી શકતો નથી.

7.2.12 સરકારી સહાયનો અપૂરતો લાભ : (Insufficient benefits of Government Service) :

કૃષિ ક્ષેત્રે સરકારી સહાયની ખેડૂતોની પૂરતી માહિતી મળતી નથી અથવા તો એમ કહી શકાય કે ખેડૂતો આ બાબતે ઉત્સાહ ધરાવતા નથી. આ ઉપરાંત ખેડૂતોને યોજના અધિકારી-કર્મચારીઓ દ્વારા ન્યાયી અને ઉત્સાહભેર લાભ આપવામાં આવતો નથી. આ બાબત શ્રેષ્ઠ યોજનાઓને ખેડૂત સુધી પહોંચાડવામાં અવરોધક બને છે. ટપક પિયત પદ્ધતિ, કૃષિ પેદાશના સંગ્રહ માટેના ગોડાઉન, લેવલીગ તથા શેઢા-પાળા દ્વારા જમીન સુધારણા, દવા છંટકાવ પંપ,યંત્રો તથા ઓજારો જોવા કેટલાયે કૃષિ રોકાણ-ખર્ચ માટે સરકારની યોજનાઓ દ્વારા સબસીડી-ઓછા વ્યાજે લોનના લાભો ખેડૂતોને મળે છે. ગુજરાતના ખેડૂતો બહોળા પ્રમાણમાં આવા લાભો લેતા હોય તેવું જણાતું નથી.

7.2.13 ઉદ્યોગ જેટલું કૃષિને મહત્ત્વ નહી. : ( Lesser Importance to Agriculture than Industries) :

ગુજરાતની કૃષિને ઉદ્યોગની તુલનાએ ઘણું ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. કૃષિનો ઝડપી વિકાસ થાય તે માટે સરકાર, પંચાયત, શિક્ષણ, બિનસરકારી સંસ્થાઓ, સમાજ વગેરે એ કોઇ વિશિષ્ઠ કામગીરી હાથ ધરી હોય અને તે સમગ્ર દૃષ્ટિએ સફળ થઇ હોય તેવું જણાતું નથી. એકમલક્ષી સફળતા સમગ્ર કૃષિ સુધી પહોંચી નથી. સરકાર કે

પંચાયતી યોજનાની સફળતા ઘણી આંશિક બની રહી છે. શિક્ષણમાં કૃષિનું હજુ એટલું સ્થાન નથી કે જેથી કૃષિમાં તેના વિશેષ સારાં પરિણામો પ્રાપ્ત થયા હોય. બિનસરકારી સંસ્થાઓના પ્રયત્નોની કોઇ મોટી સફળતા કૃષિ ક્ષેત્રે જણાતી નથી. સમાજનો યુવા તથા પ્રૌઢ સમુદાય કે જે વિશિષ્ટ કૌશલ્ય, સંશોધનાત્મકતા, સાહસ જેવા ગુણ ધરાવે છે. તે કૃષિમાંથી ઉદ્યોગ તરફ સ્થળાંતર કરે છે. ઉદ્યોગમાંથી કૃષિમાં આવવાનો તો કોઇ પ્રશ્ન જ ઊભો થતો નથી. આમ સમાજનો ટોચનો બુદ્ધિજીવી વર્ગ કૃષિ તરફથી મોઢું ફેરવી લે છે. જે ગુજરાતની કૃષિ માટે ગંભીર મુદ્દો છે.

7.2.14 કૃષિ વિષયક કાર્યક્રમોની અસર ઓછી : ( The Impact of Agricultural Programs Is Minimum) :

સરકારી તેમજ અન્ય સંસ્થાઓ ટેલીવિઝન, રેડિયો, સામાયિકો વગેરે માધ્યમો દ્વારા કૃષિવિષયક કાર્યક્રમો આપી ખેડૂત તથા કૃષિ વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે. પરંતુ ખેડૂતોમાં આવા કાર્યક્રમ જોવા, સાંભળવા, માણવાનું પ્રમાણ ઓછું છે. આ ઉપરાંત જે ઓછા ખેડૂતો આવા કાર્યક્રમ નિહાળે છે. તેઓ પણ કૃષિમાં તે મુજબ અનુસરવાનું ઓછું પસંદ કરતા જણાય છે.

7.2.15 ખેડૂતોની નિયોજન શકિતની નીચી કક્ષા ( Low Level of Management by Farmers ) :

વર્તમાન તરેહોમાં ખેતી પણ ઉદ્યોગની કક્ષામાં મૂકાય છે અને તે સંદર્ભે આ પ્રક્રિયામાં જોડાયેલ ખેડૂતને પણ નિયોજન તરીકે ઓળખાવી શકાય. જો કે આજના સ્પર્ધાત્મક યુગમાં ખેતી ક્ષેત્રે ઉજ્જવળ પરિણામો મેળવવા હોય તો ઉચ્ચકક્ષાની નિયોજન ક્ષમતા મેળવવાની જરૂરીયાત છે. પરંપરાગત પદ્ધતિથી કામ કરવાને ટેવાયેલ ખેડૂતવર્ગ કોઠાસુઝ અવશ્ય ધરાવે છે. પરંતુ બજારીકરણના યુગમાં કોઠાસુઝની સાથે વ્યવસાયિક કૌશલ્ય એટલું જ જરૂરી છે. તેની સામે ગુજરાતના ખેડૂતોની નિયોજન શકિત નીચી કક્ષાની જણાય છે.

7.2.16 ખેડૂતોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ : ( Lack of Education and Training in Farmers ) :

ગુજરાતના મોટા ભાગના ખેડૂતો અભણ છે. ખેડૂત કુટુંબના જે સભ્યો શિક્ષણ મેળવે છે. તેમાંથી મોટાભાગના અન્ય વ્યવસાયમાં જોડાય છે. આથી ખેડૂતોમાં શિક્ષણનો અભાવ જોવા મળે છે. જેનાં કારણે કૃષિ વિષયક માહિતી મેળવવામાં તથા સમજવામાં ખેડૂતો ઉણા ઊતરે છે. કૃષિ કાર્યો અને કૃષિ નિયોજક તરીકે તાલિમબદ્ધ ખેડૂતોની ભૂમિકા મહત્ત્વની હોય છે. ગુજરાતના ખેડૂતોમાં આવી વિશેષ તાલીમનો અભાવ જોવા મળે છે. આમ શિક્ષણ અને તાલીમના અભાવના કારણે કૃષિવિકાસ મર્યાદિત બન્યો છે.

7.2.17 ભુગર્ભ જળસ્રોતોની ગુણવત્તા અને પ્રાપ્યતામાં ઘટાડો : ( Reduction in Ground water Availability & Planning :

ગુજરાતની કૃષિની એ પણ એક મહત્ત્વની સમસ્યા છે કે અહી સિંચાઇ માટે ભુગર્ભજળનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આપુ ગરબડ પૈકી ઘણાખરા વિસ્તારો એવા છે કે જ્યાં ભુગર્ભજળની ગુણવત્તા કૃષિ પાક લેવામાં નબળી પુરવાર થાય છે. આથી કાં તો પાક લઇ શકાતો નથી અથવા તો ભુગર્ભજળ દ્વારા લેવાયેલા

પાક બાદ તે જમીનમાં તે પાક લેવામાં આવે છે તે નબળું પુરવાર થાય છે.

આ ઉપરાંત ગુજરાતમાં ભુગર્ભજળની પ્રાપ્યતામાં પણ સતત ઘટાડો જોવા મળે છે. કુવાના તળ તથા બોરવેલના તળ સતત નીચા થતા જાય છે. અને તેમાં સતત ઘટાડો આવી રહ્યો છે. ગુજરાતની કૃષિ માટે આ પણ એક મહત્ત્વની સમસ્યા છે.

7.2.18 યાંત્રિકીકરણનો મર્યાદિત વિકાસ : ( Limited Development of Mechanization ) :

ગુજરાતની કૃષિમાં યાંત્રિકીકરણની પ્રક્રિયા અવશ્ય વધી છે. કૃષિ ક્ષેત્રે ટ્રેકટરનો ઉપયોગ સારા પ્રમાણમાં વધ્યો છે. રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, થ્રેસર વગેરે જેવા સાધનો કૃષિ ક્ષેત્રમાં સારા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતાં થયા છે. સિંચાઇની પદ્ધતિમાં પરિવર્તન આવ્યા છે. નાના અને હાથ ટ્રેકટરનો ઉપયોગ શરૂ થયો છે. આમ કૃષિક્ષેત્રમાં આધુનિક યંત્રો અને ઓજારો ઉપયોગમાં લેવાતા થયાં છે. પરંતુ આ યાંત્રિકીકરણ ગુજરાતની કૃષિમાં સાર્વત્રિક બની શકયુ નથી. તે કેટલાક વિસ્તાર પૂરતું મર્યાદિત રહ્યું છે. તેને આ પ્રદેશની કૃષિની મર્યાદા તરીકે સ્વીકારવું રહ્યું.

7.2.19 કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થા : ( Selling System of Agricultural Products ) :

ખેડૂતો દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોના યોગ્ય ભાવ મળવા આવશ્યક હોય છે. તેના દ્વારા ઉત્પાદક ખેડૂતોને પ્રોત્સાહન મળે અને કૃષિ વિકાસ વેગવંતુ બને. પરંતુ આપણે ત્યાં કૃષિ પેદાશોના વેચાણની જે વ્યવસ્થા છે તેમાં કેટલીક ખામીઓ જોવા મળે છે. આ ખામીઓ દૂર કરવા કૃષિ પેદાશ વેચાણ સમિતિનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે. ઉપરાંત ટેકાના ભાવની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. પરંતુ આ પ્રયત્નોમાં પણ મર્યાદિત પ્રમાણમાં સફળતા પ્રાપ્ત થઇ છે હજુ પણ ખેડૂતોને યોગ્ય પોષણ ભાવો પ્રાપ્ત થાય છે. એવું કહી શકાય તેમ નથી. આમ ગુજરાતની કૃષિમાં કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થામાં રહેલી ખામીઓ મોટી સમસ્યા છે.

આ ઉપરાંત પણ ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં સુધારેલા બિયારણની અપ્રાપ્તિ, સામુહિક રોગચાળો, નવાં વીજ કનેકશન મેળવવાની મુશ્કેલી, ચોમાસાની અનિશ્ચિતતા, પેદાશોના નવીનીકરણનો અભાવ, આનુસંગિક સુવિધાઓનો અભાવ વગેરે જેવી સમસ્યાઓ જોવા મળે છે.

## 7.3 ખેતી વિકાસને અસર કરતા પરિબળો : ( Factors Affecting Agriculture Development ) :

ખેતી ક્ષેત્રમાં આધુનિક સાધનોનો ઉપયોગ વધારી વધુ વળતર આપતા પાકો દ્વારા ખેતી ક્ષેત્રે રોકાયેલા સમુદાયની આર્થિક સ્થિતિ વધુ સમૃદ્ધ કરવાની પ્રક્રિયા એટલે કૃષિ વિકાસ

કૃષિ વિકાસ એ એક પ્રક્રિયા છે. જેનાથી ખેતીક્ષેત્રે વધુ ઉત્પાદન, વિવિધતા યુકત ઉત્પાદન દ્વારા આ ક્ષેત્રમાં રોકાયેલા સમુદાયની આવકોમાં વધારો થાય છે. આવકોમાં વધારાની સાથે સાથે કૃષિ ક્ષેત્રનો ટકાઉક્ષમ વિકાસ થાય એ પણ જરૂરી બને છે. લાંબાગાળાનો વિચાર કરીને કૃષિ ક્ષેત્રે આધુનિક સાધનો અને જરૂરિયાત મુજબ સંસ્થાકીય વ્યવસ્થાનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી કૃષિ ક્ષેત્રને ઝડપથી અને ટકાઉક્ષમ

રીતે વિકસાવવું એ કૃષિ વિકાસનો અંતર્ગત ભાગ છે. જે દેશો કે પ્રદેશો કૃષિક્ષેત્રમાં ગુણવત્તા ઝડપથી વધારી શકયા છે કે ઉત્પાદક જમીનને લાંબાગાળા સુધી કાયમી જાળવી રાખી શકયા છે, વિવિધ પ્રકારના સંશોધિત કે સુધારેલા નીપજક ઘટકો પૂરતા પ્રમાણમાં ઉપયોગમાં લઇ શકયા છે, કૃષિ ક્ષેત્રને જરૂરી આર્થિક સહાય પૂરી પાડી શકયા છે, ઉત્પાદિત પાક પેદાશોનું યોગ્ય બજાર ઊભું કરી શકયા છે, ખેડૂતોને કૃષિ ઉદ્યોગ તરીકે સતત માર્ગદર્શન આપતા રહ્યા છે તે દેશોની કે પ્રદેશોની કૃષિ ઝડપથી વિકસી છે. જે પ્રદેશો નિર્દિશત કાર્ય પ્રક્રિયામાં ઉણા ઉતર્યા છે તે પ્રદેશની કૃષિ ધીમી ગતિએ આગળ વધતી જણાય છે.

ટૂંકમાં કૃષિ વિકાસ એટલે કૃષિ ક્ષેત્રનું ઉત્પાદન વધુ ને વધુ આવક આપનાર થાય અને કૃષિ ટકાઉક્ષમ રીતે વિકાસ માટે સક્ષમ બની રહે તે પ્રક્રિયા.

કૃષિ વિકાસને અસર કરળતા પરિબળો :

### 7.3.1 સિંચાઇ : ( Irrigation )

સિંચાઇ એ કૃષિ ક્ષેત્રના ઉત્પાદન માટે સૌથી વધુ અગત્યનું સાધન છે. વરસાદર એ કુદરતી બાબત છે. આથી વિશાળ ઉત્પાદન માટે તેની નિયમિતતા પર આધાર રાખી શકાય નહી. પાકના વૃદ્ધિ અને વિકાસ માટે જે તે તબકકે પિયત અનિવાર્ય બને છે. આથી જો પૂરતા પ્રમાણમાં સિંચાઇની સગવડ હોય તો પાકની વૃદ્ધિ અને વિકાસ દ્વારા મબલખ ઉત્પાદન પ્રાપ્ત કરવાની સંભાવનાઓ વધી જાય છે. આ માટે જો કેનાલ, કૂવા, તળાવો જેવા સાધનો દ્વારા પૂરતા પ્રમાણમાં પિયત આપી શકાય છે તો વિશાળ કૃષિ ઉત્પાદન દ્વારા કૃષિ વિકાસ શકય બને, ગુજરાત જેવા સિંચાઇની અછત અનુભવતા પ્રદેશમાં ટપક પિયત પદ્ધતિ અને ફુવારા પિયત પદ્ધતિ જેવી સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિઓ પણ કૃષિ વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે.

### 7.3.2 કૃષિ ધિરાણ : ( Agricultural Credit) :

સામાન્ય રીતે ઉદ્યોગની તુલનાએ ખેતી ક્ષેત્રે ઓછું વળતર સાબિત થયું છે. તેથી કૃષિ ક્ષેત્રે રોકાયેલા સમુદાયની આર્થિક સ્થિતિ સામાન્ય રહી છે. ખાસ કરીને ગુજરાતમાં ખેડૂતો ઉદ્યોગો જેટલી આર્થિક સદ્ધરતા નથી ધરાવતા એવું સ્પષ્ટ છે. આથી તેમને જો પૂરતા પ્રમાણમાં ધિરાણ આપવામાં આવે તો કૃષિ પાકનું આકર્ષક ઉત્પાદન મેળવવા માટે તે જરૂરી સાધનોની ખરીદી કરી શકે. આમ કૃષિ વિકાસ માટે સંસ્થાકીય ધિરાણ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 7.3.3 વેચાણની વ્યવસ્થા : (Sales Management ) :

ખેડૂતોની સોદા શકિત ઘણી નીચી જોવા મળે છે અને તેથી તેને તેની પેદાશોના ભાવો આકર્ષક મળતા નથી. જો ખેતી પેદાશોની વેચાણ વ્યવસ્થા સુદૃઢ હોય અને તેના દ્વારા ખેડૂતોને તેની પેદાશના યોગ્ય આકર્ષક ભાવો મળી રહે તો તે બાબત કૃષિ વિકાસ માટે મહત્ત્વની પુરવાર થાય છે. આમ કૃષિ પેદાશોની યોગ્ય વેચાણ વ્યવસ્થા ખેતી વિકાસ માટે મહત્ત્વની સાબિત થાય છે.

### 7.3.4 જમીન એકત્રીકરણ : ( Land Consolidation) :

સમયની સાથે-સાથે જમીનનું ખંડ વિભાજન અને ઉપ વિભાજન થતાં ખેડાણ

ઘટકના એકમો સતત નાના થતાં જતાં હોય છે. આથી નાના ટુકડા ઉપર આકર્ષક વળતરદાયી ખેતી કરવી ઓછી સંભવ બને છે. જો આ નાના નાના ટુકડાઓને જોડીને મોટા કદના બનાવીને તેના પર ખેતી કરવામાં આવે તો આધુનિક સાધનો વસાવા પોસાઇ શકે. તેથી આધુનિક ખેતી થઇ શકે. આમ જમીનનું એકત્રીકરણ પણ કૃષિ વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 7.3.5 કૃષિ શિક્ષણ : ( Agricultural Education) :

સામાન્ય રીતે ખેડૂતો વિશેષ ભણેલા હોતા નથી. તેમાં પણ કૃષિનું વૈજ્ઞાનિક અને આર્થિક જ્ઞાન તેમની પાસે વ્યવહારુ દૃષ્ટિએ હોય છે. પરંતુ સૈદ્ધાંતિક દૃષ્ટિએ હોતું નથી. આથી કૃષિવિજ્ઞાન, આર્થિકવિજ્ઞાન અને અન્ય પ્રદેશોની કૃષિનું જ્ઞાન આપવા માટે કૃષિ શિક્ષણ જરૂરી બને છે. જો પૂરતા પ્રમાણમાં કૃષિ શિક્ષણ આપી શકાય તો કૃષિ વિકાસ વધુ ઝડપી બની શકે.

### 7.3.6 વસ્તીનું જમીન પર ભારણ : ( Population Burden on Land) :

કૃષિ ક્ષેત્રે ખાસ કરીને ભારત અને ગુજરાતમાં જરૂરી વસ્તી કરતા વધુ વસ્તી રોકાયેલી જોવા મળે છે. આથી કૃષિ ક્ષેત્રમાં બેકારી અને ખાસ કરીને છૂપી બેકારી જોવા મળે છે. જે કૃષિ વિકાસ ઉપર નકારાત્મક અસર ઉપજાવે છે. કૃષિ ક્ષેત્રે પ્રાપ્ત થતા ઉત્પાદનમાંથી ઘણું ખરું ઉત્પાદન તેના નિભાવ પાછળ જતું રહે છે. જો કૃષિ ક્ષેત્રે જરૂરી વસ્તી સિવાયની વસ્તીને અન્ય ક્ષેત્રમાં ખસેડી શકાય તો કૃષિક્ષેત્ર વધુ કાર્યક્ષમ બની શકે. આમ વસ્તીનું ભારણ કૃષિ વિકાસ માટે મહત્ત્વનું સાબિત થાય તેમ છે. જો આ પરિબળો હકારાત્મક બને તો કૃષિ વિકાસ ઝડપી બને છે. આમ કૃષિ વિકાસ માટે નિર્દિશત પરિબળો મહત્ત્વના સાબિત થાય છે.

## 7.4 ખેતી વિકાસના નિર્દેશકો : ( Agricultural Development Measures):

કોઈપણ ક્ષેત્રનો આર્થિક વિકાસ તપાસવા માટે તે ક્ષેત્રમાં ઉત્પાદન, તેના દ્વારા થતી આવક રોજગારી, ઉત્પાદન ક્ષમતા, હકારાત્મક પરિવર્તનો, યાંત્રિકીકરણ વગેરેમાં પ્રગતિ કેવી રહી છે. તે તપાસવું જોઇએ. અહી આપણે ગુજરાતના કૃષિ વિકાસને જાણવા માટે આ પ્રકારના તથા કૃષિને લાગુ પડતા કેટલાક નિર્દેશકોનો અભ્યાસ કરીશુ.

### 7.4.1 ખેતી પાકોના ઉત્પાદનમાં વધારો : ( Increase in Production of Agriculture Crops ) :

ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ એ ગુજરાતના કૃષિ વિકાસનો એક મહત્ત્વનો નિર્દેશક છે. કૃષિ નિયામક ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ થયેલ આંકડાઓ મુજબ ગુજરાતમાં છેલ્લા બે દસકા દરમિયાન ચોખાના પાકનું ઉત્પાદન બમણું થયું છે. ઘઉંના પાકના ઉત્પાદનમાં 85 થી 90 ટકાની વૃદ્ધિ થઇ છે. કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન 40 ટકા જેટલું વધ્યુ છે. મગફળીનું ઉત્પાદન 30 ટકા જેટલું વધ્યું છે. કુલ તેલીબીયા પાકોનું ઉત્પાદન 40થી 45 ટકા જેટલું વધ્યું છે. અને છેલ્લા સમયમાં ગુજરાતની કૃષિના વિકાસમાં જે પાકે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તો કપાસનું ઉત્પાદન ચાર ગણું થયું છે. આ ઉપરાંત બીજા અન્ય પાકો જેમ કે, શેરડી, જીરુ, એરંડા, મસાલાના પાકો, બાગાયતી પાકો, ફૂલની ખેતી વગેરેનાં ઉત્પાદન વૃદ્ધિ સારી જોવા મળે છે.

### 7.4.2 રોજગારી : ( Employment ) :

રાષ્ટ્રની સમાંતરે ગુજરાત રાજયમાં પણ કૃષિ ક્ષેત્રનું રોજગારી પૂરી પાડવાનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. જે તે ક્ષેત્રના વિકાસની સાથે એમાં રોજગારીનું નવું સર્જન કેટલું થાય છે. તે બાબત પણ ખૂબ મહત્ત્વની ગણાવી શકાય. ગુજરાત રાજયમાં કૃષિ સિવાયના ક્ષેત્રોનો આવકની- કમાણીની દૃષ્ટિએ અવશ્ય વિશેષ વિકાસ થયો છે. પરંતુ કૃષિ સિવાયના ક્ષેત્રો રોજગારી આપવામાં ઉણા ઉતર્યા છે. ગુજરાતમાં 2011 ની વસ્તીગણતરી પ્રમાણે મુખ્ય કામ કરનારા કુલ વ્યકિતઓમાં 45.37 ટકા કામ કરનારા ખેડૂતો અને ખેત મજૂરો હતા. આ પ્રમાણ 2001 ની વસ્તી ગણતરી પ્રમાણે 45.58 ટકા હતુ. આ બાબત એવું દર્શાવે છે કે અન્ય ક્ષેત્રોનો વિકાસ કૃષિ વિકાસની સાપેક્ષ વિશેષ રહ્યો હોવા છતાં રોજગારી માટે કૃષિ ક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની રહે છે.

### 7.4.3 રાજયના ઘરગથ્થુ ઉત્પાદનમાં ફાળો ( Share in State Domestic Production) :

ગુજરાતમાં વર્ષ 2011-12માં એકદંર કૃષિ ઘરગથ્થુ ઉત્પાદન 98015 કરોડ રૂપિયા થયું હતું. આ પ્રમાણ વધીને વર્ષ 2016-17 માં 137132 કરોડ રૂપિયા થયેલ. એટલે કે તેમાં 40 ટકા જેટલો વધારો થવા પામેલ. આમ ગુજરાતમાં કૃષિ આવક સારા પ્રમાણમાં વધવા પામેલ છે. જો કે રાજયના એકદંર ઘરગથ્થુ ઉત્પાદનમાં 2011-12માં કૃષિ ક્ષેત્રનો હિસ્સો 17.5 ટકા હતો. તે ઘટીને 2016-17 માં 13.6 ટકા થયેલ.

### 7.4.4 પાક પરિવર્તન : ( Crop Transformation) :

કૃષિ ક્ષેત્રમાં પાક પરિવર્તન એ તેના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે. જે પાકો આપણી કૃષિમાં લઇ શકાય તેમ હોય અને વધુ વળતર આપી શકતા તેનું ઉત્પાદન વધુ લેવામાં આવે અને પરંપરાગત પાકો કે જે વધુ વળતર નથી આપી શકતા તેનું ઉત્પાદન સમયની સાથે ઓછું કરવામાં આવે કે બંધ કરવામાં આવે તો કૃષિ વિકાસ ઝડપથી થાય છે. ગુજરાતમાં છેલ્લા ચાર પાંચ દસકા પર નજર કરીએ તો એમ જણાય આવે છે કે જમીનની ગુણવત્તા, સિંચાઇની સગવડ, ખર્ચ અને તેની સામે જે તે પાકની ઉત્પાદકતા તેના ભાવ વગેરેને ધ્યાનમાં લઇને પાક પરિવર્તન સારા પ્રમાણમાં થતું જોવા મળે છે. એટલે જ ગુજરાતની કૃષિમાં કપાસ, જીરું અન્ય મસાલા પાકો, બાગાયતી પાકો વગેરેનું ઉત્પાદન લેવા માટે વધુ વિસ્તારોમાં વાવેતર થઇ રહ્યું છે. તેની સામે જુવાર, બાજરો, હુંણ (દેશી કપાસ) વગેરેનું વાવેતર ઘટતું જોવા મળે છે. આમ ગુજરાતની કૃષિમાં પાક પરિવર્તન એ એક હકારાત્મક નિર્દેશક છે.

### 7.4.5 નીપજક ઘટકો : ( Input Components) :

કૃષિક્ષેત્રમાં કૃષિ ઉત્પાદન લેવા માટેના નીપજક ઘટકોની ભૂમિકા ખૂબ જ અગત્યની ગણાવી શકાય. આ નીપજક ઘટકોનું પ્રમાણ કૃષિમાં જરૂરિયાત પૂરતું રહે છે કે કેમ તે જાણવું આવશ્યક બને છે. ગુજરાતમાં આવા નીપજક ઘટકો જેમ કે બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, ખેતીમાં યાંત્રિકીકરણ, પિયત વગેરે સમયની સાથે ધીમે ધીમે પણ વધુ કાર્યક્ષમ બનતાં જોવા મળે છે. તેથી જ ઘઉંના પાકની કાપણીથી ઘઉં ખેડૂતના ઘરમાં પહોંચે એ માટે આજથી ત્રણ દાયકા પહેલા આશરે **20** દિવસનો સમય લાગતો તે આજે હાર્વેસ્ટરથી દિવસો નહી કલાકોમાં જ પૂર્ણ થાય છે. કૃષિમાં હવે ખેડાણ, કાપણી, લણણી, આંતરખેડ વગેરેમાં કાર્યક્ષમતા વધી છે.

તેની સાથે સાથે સુધારેલા બિયારણનો ઉપયોગ પણ વધ્યો છે. આ ઉપરાંત રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગમાં પણ વૃદ્ધિ જણાઇ આવે છે. પિયતની સગવડ અમુક અંશે વધી છે. અને ટપક પદ્ધતિ તથા ફુવારા પિયત પદ્ધતિનો પણ અમુક અંશે ઉપયોગ જોવા મળે છે. કૃષિ ક્ષેત્રના કાર્યોની આ બધી બાબતો કૃષિ ક્ષેત્રના ખાસ કરીને તેની કાર્યક્ષમતાના વિકાસનો નિર્દેશ કરે છે.

### 7.4.6 ધિરાણમાં વૃદ્ધિ : ( Growth in Credit) :

કૃષિ ક્ષેત્રે પ્રાપ્ત થતા ધિરાણમાં સતત વૃદ્ધિ જણાઇ આવે છે. તેમાં પણ ખાસ કરીને સરકાર ( આર.બી.આઇ) ના અંકુશ હેઠળની બેંકો દ્વારા થતા ધિરાણનું પ્રમાણ સતત વધતું જાય છે. દાયકાઓ પહેલા બેંકો દ્વારા ખેડૂતોને ખુબ ઓછા પ્રમાણમાં ધિરાણ પ્રાપ્ત થતું. તેના લીધે તે ખાનગી સંસ્થાઓ જેમ કે જમીનદારો, વેપારીઓ, વ્યાજનો ધંધો કરનારાઓ વગેર પાસેથી ધિરાણ મેળવતા અને ત્યાં તેમનું શોષણ થતું. આમ હવે ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં આર.બી.આઇના અંકુશ હેઠળની બેંકોનું ધિરાણ વધતા તેના પરિણામે કૃષિ ક્ષેત્રના વિકાસમાં સરળતા ઊભી થઇ છે.

### 7.4.7 ખેડૂતોની સ્થિતિમાં સુધારો : ( Improve Farmers Condition) :

આઝાદી પછીનો સમગ્ર સમયગાળો જોવામાં આવે તો ખેડૂતોની સ્થિતિ ઝડપથી ના સુધરી હોય પણ આર્થિક સ્થિતિમાં એકંદર સતત સુધારો જોવા મળે છે. આજે ખેડૂતો સમાજના અન્ય વર્ગના લોકો જે ભૌતિક સગવડતા ભોગવે છે, તેની તુલનાએ આ ખેડૂતો પણ તેમાંની ઘણી સગવડતા ભોગવતા થયા છે. જેમ કે ટેલીવિઝન, મોબાઇલ, વાહનો વગેરે એક સમય એવો હતો કે જે ભૌતિક સગવડતા શહેરી વિસ્તારના લોકો મેળવી શકતા એ ગ્રામીણ વિસ્તારના લોકો એટલે કે ખેડૂતોને પ્રાપ્ત ન થતી. પરંતુ રહેણીકરણીની દૃષ્ટિએ હવે આવી સગવડો ખેડૂતો પણ પ્રાપ્ત કરતા થયા છે. આ પ્રાપ્તિમાં તેની આવકની ભૂમિકા ખૂબ મહત્ત્વની ગણી શકાય. આ આવક તેને કૃષિ વિકાસ દ્વારા પ્રાપ્ત થાય છે. અલબત્ત આજે પણ ખેડૂતોનુ જીવન ખુબજ હાડમારીભર્યું , જોખમભર્યું , અને અનિશ્ચિતતાભર્યું રહ્યું છે. તેની આર્થિક કમાણી ઉદ્યોગોની તુલનાએ ઓછી છે. છતાં એકંદરે ચિત્ર સુધરતું જણાય આવે છે. જે કૃષિ વિકાસનો નિર્દેશ કરે છે.

આ ઉપરાંત પણ ગુજરાતમાં ખેતી સંલગ્ન પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, મરઘા, બતક ઉછેર વગેરે ક્ષેત્રોમાં વિકાસ જોવા મળે છે. ખેતીમાં હવે પહેલા કરતાં વધુ વૈજ્ઞાનિક રીતો અપનાવવામાં આવી છે. એ ખુબ સારી બાબત ગણાવી શકાય.

અહીં કૃષિ વિકાસના કેટલાક નિર્દેશકો દર્શાવેલ છે, એ એવું સૂચવે છે કે ગુજરાતનો કૃષિ વિકાસ વિશેષ તીવ્ર ગતિનો ના રહ્યો હોય તો પણ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનો વિકાસ થયો છે. જેના પરિણામે ખેડૂતો તેની વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરીને પણ પોતાનું જીવન પહેલા કરતાં વધુ સારું જીવી શકે છે.

## 7.5 સહાય યોજનાઓ ( Assistance Plans) :

કોઇ પણ ક્ષેત્રના વિકાસ માટે સરકારની માર્ગદર્શન, તાલીમ અને સહાય આપતી વિવિધ યોજનાઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હોય છે. આથી અહીં ગુજરાતના કૃષિ વિકાસમાં સહાયક બની શકે તેવી રાજય સરકારની તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. તે રજૂ કરવામાં આવી છે.

7.5.1 રાજ્ય સરકારની યોજનાઓ : ( State Government Plans) :

- સરદાર સરોવર યોજના : આ યોજનાનો હેતુ રાજ્યના 17 જિલ્લાઓના 75 તાલુકાઓમાં સિંચાઈનો લાભ આપવાનો છે.
- જમીન સ્વાસ્થય કાર્ય : સરકારની આ યોજના હેઠળ ખેડૂત ખાતેદારોની જમીનના નમૂના, પૃથ્થકરણ અને જમીન સ્વાસ્થય કાર્ડની રચનાનું કાર્ય કરવામાં આવે છે.
- સહભાગી સિંચાઇ વ્યવસ્થા : આ યોજનાનો હેતુ શકય એટલો વધુ સિંચાઇનો વિસ્તાર આવરી લેવાનો છે.
- સૌની યોજના : સૌરાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારમાં નર્મદા પૂરના પાણી પહોંચાડવા માટે સૌની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
- રક્ષિત ખેતી પાયલોટ પ્રોજેકટ : ગુજરાત સરકારે વર્ષ 2015-16 થી નાના ખેડૂતોને દરરોજ આવક મળી રહે તે હેતુથી જીજીઆરસી દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજના દ્વારા રક્ષિત ખેતી પાયલોટ પ્રોજેકટનો અમલીકરણ કરવાનું શરૂ કરેલ છે.
- ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ : આ યોજના રાજયમાં વોટરશેડના ધોરણે જળ અને જમીન સંરક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. વોટરશેડની કામગીરીનો મુખ્ય હેતુ ભૂમિ અને ભેજ સંરક્ષણની કામગીરી દ્વારા જરૂરી માળખું ઊભું કરી, વહી જતા વરસાદી પાણીને રોકી જમીનમાં ઉતારવાનો અને કૂવાઓના પાણીના તળ ઉંચા લાવવાનો છે.
- કૃષિ મહોત્સવ : રાજયમાં હરિયાળી ક્રાંતિ લાવવા માટે અને પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે 2005 થી કૃષિ મહોત્સવ વર્ષ શરૂ કરવામાં આવેલ છે. 12માં કૃષિ મહોત્સવ (2016)માં જિલ્લાના મુખ્યમથકે બધા તાલુકાઓને ભેગા કરીને બે દિવસ માટે પ્રદર્શન અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. રાજયમાં કુલ ૬૧ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગુજરાતના બધાજ પ્રદેશો આ મહોત્સવમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં પશુઓનું રસીકરણ, કૃત્રિમ બીજદાન જેવા જુદા-જુદા કાર્યક્રમો પણ રાખવામાં આવેલા હતા. ખેડૂતોને માર્ગદર્શન તેમજ કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રનું જ્ઞાન પુરું પાડવામાં આવ્યું હતું. કૃષિ મહોત્સવ 2016નો ઉદ્દેશ સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી અને તેના લાભ ખેડૂતો સુધી પહોંચે તે હતો.

આ ઉપરાંત કૃષિમાં યાંત્રિકીકરણ ભાગ સ્વરૂપે ઓટોમેટીક ઓરણી, ટ્રેકટર, રોટાવેટર, પાવર ટીલર વગેરે જેવા સાધનોની ખરીદી પર અલગ-અલગ પ્રમાણમાં અલગ અલગ સમયે સહાય આપવામાં આવે છે.

7.5.2 કેન્દ્ર સરકારની યોજનાઓ : ( Central Government Schemes) :

- પ્રધાનમંત્રી પાક વીમા યોજના *(PMFBY)*: આ યોજના દ્વારા સરકાર ખેડૂતોને પાક વીમા પ્રિમીયમ ભરવા માટે સહાય કરે છે. જુદા-જુદા પાકો માટે જુદા-જુદા પ્રમાણમાં સરકાર દ્વારા ખેડૂતોને કુલ પ્રિમિયમના વિશેષ પ્રમાણમાં સહાય કરવામાં આવે છે.
- ટકાઉ ખેતી માટેનો રાષ્ટ્રીય ઉદ્દેશ : ( NMSA): આ યોજનાની સ્થાપના ખેતીમાં ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવેલ છે. ખાસ કરીને પાણી,

ખાતર, કુદરતી સાધનો વગેરેના કાર્યદક્ષ ઉપયોગ દ્વારા કૃષિ વિકાસને હાંસલ કરવા ઉપર ધ્યાન આપવામાં આવે છે.

- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના : ( PMKSY) : આ યોજનાઓ ઉદ્દેશ કૃષિ ક્ષેત્રમાં સિંચાઇનું વધુમાં વધુ વિસ્તરણ થાય અને તે અનુસંધાને ‘હર ખેત કો પાની’ અને ‘મોર ક્રોપ પર ડ્રોપ’ જેવા સૂત્રો સાકાર કરવાનો છે.
- પરંપરાગત કૃષિ વિકાસ યોજના : *(PKVY)* : 2015 માં અમલમાં મૂકવામાં આવેલી આ યોજનાનો મુખ્ય હેતુ ઓર્ગેનિક ફાર્મિંગનો છે. આ યોજના મુજબ ખેડૂતોને ગ્રુપમાં કે કલસ્ટરમાં ઓર્ગેનિક ફાર્મિંગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તે માટે આર્થિક સહાય આપવામાં આવે છે.
- ગ્રામીણ ભંડારણ યોજના : (GBY) : આ યોજનાનો હેતુ ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિ ઉત્પાદન વર્ગીકૃત પેદાશ તથા નીપજકોને તેની ગુણવત્તા જળવાઇ રહે તેવી રીતે સાચવવાનો છે.
- પશુધન વીમા યોજના : આ યોજના અંતર્ગત પશુધારકોને તેના પશુના મૃત્યુ સામે વીમા સહાય આપવામાં આવે છે. પશુધન અને તેની પેદાશોની ગુણવત્તા જળવાઇ રહે તે આ યોજનાનો હેતુ છે.
- મત્સ્ય ઉદ્યોગ તાલીમ અને વિસ્તરણ યોજના : આ યોજનાનો હેતુ મત્સ્ય ઉદ્યોગનું કાર્યક્ષમ રીતે વિસ્તરણ થાય તે છે.
- સૂક્ષ્મ સિંચાઇ ભંડોળ : (MIF) કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ અને તેના દ્વારા ખેડૂતોની આવક વધારવાના હેતુથી સરકાર દ્વારા વધુ વિસ્તારને સિંચાઇ હેઠળ લાવવા સૂક્ષમ સિંચાઇ યોજના માટે સહાય આપવામાં આવે છે.
- પ્રધામંત્રી કિસાન સન્માન નિધિ યોજના : આ યોજના મુજબ દરેક ખેડૂતને વાર્ષિક 6000 રૂપિયા બિનશરતી સહાય આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના : રાજયના કૃષિ વિભાગને વધુ વ્યાપક રીતે કાર્યરત કરવા રાષ્ટ્રીય વિકાસ પંચે એક નવી વધારાની કેન્દ્રીય સહાયનું આયોજન કરેલ છે. જેના આધારે કૃષિ વિભાગે NADP તરીકે ઓળખાતી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાની માર્ગદર્શિકા તૈયાર કરેલ છે.

અહીં આપણે રાજય તથા કેન્દ્રની કૃષિ સહાયની વિવિધ યોજનાઓની ચર્ચા કરી છે. કૃષિ વિકાસ માટે વિવિધ યોજનાઓ ખૂબ મહત્ત્વની સાબિત થતી હશે એવું કહી શકાય.

## 7.6 સારાંશ : ( Summary ) :

ગુજરાતમાં વિશાળ પ્રદેશ પર કૃષિ કાર્ય થાય છે. આથી ગુજરાતના દરેક પ્રદેશમાં તેની જે સમસ્યાઓ રહેલી છે. તે કેટલીક સમાન છે તો કેટલીક જે તે પ્રદેશની. અહીં આપણે ગુજરાતમાં સમગ્ર પ્રદેશમાં કે મોટાભાગના પ્રદેશમાં કે કોઇ એક ખાસ પ્રદેશમાં જોવા મળતી કૃષિ સમસ્યાઓ તપાસી. આ સમસ્યાઓ ખેતીમાં વિકાસમાં અવરોધરૂપ હોય તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. જો આ સમસ્યાઓમાંથી મોટા ભાગની સમસ્યાઓનું નિરાકરણ થઇ શકે તો કૃષિ વિકાસ વધુ વેગવંતો બને તે સ્વાભાવિક છે. પરંતુ ભારતની જો વાત કરવામાં આવે તો કૃષિક્ષેત્રના ઝડપથી વિકસતા રાજયોમાં ગુજરાત રાજયનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં કૃષિ વિકાસના નિર્દેશકો આ બાબત યોગ્ય હોય તેવો નિર્દેશ કરે છે. કૃષિ વિકાસમાં સરકારની ભૂમિકા ખૂબજ મહત્ત્વની હોય છે. ગુજરાતની કૃષિમાં રાજયની અને કેન્દ્રની જુદી-જુદી કૃષિ યોજનાઓએ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા

ભજવી છે. ખેડૂતોને વિવિધ રીતે સહાયક થવાનું તથા કૃષિ વિકાસ વધુ વેગવંતો બને તેવું સરકારનું વલણ યોજનાઓ દ્વારા રહેવા પામ્યું છે.

## 7.7 ચાવીરૂપ શબ્દો ( Key Words) :

- વાણિજય ખેતી : (Commercial Farming): નફાને ધ્યાનમાં રાખી વ્યાપારી સ્વરૂપે આવક અને ખર્ચના અંદાજો મૂકી કરવામાં આવતી આધુનિક ખેતી એટલે વાણિજય ખેતી.
- હાઈબ્રીડ બિયારણ : ( Hybrid Seeds) : વધુ ઉપજ આપતું કે સુધારેલું બિયારણ
- પાક ફેરબદલી : ( Crop Fairley ) : ખેતીમાં એક જ પાક સતત વાવવાને બદલે એક પાક એક વખત લીધા બાદ તે જમીન ઉપર બીજી વખત બીજો પાક લેવો. એમ સમયાંતરે પાક બદલાતા રહેવા એટલે પાક ફેરબદલી.
- સૂકી ખેતી : જે પાકો વરસાદે કે માત્ર વરસાદથી લઈ શકાતા હોય તેવા પાકોની ખેતી એટલે સૂકી ખેતી.
- પાક પરિવર્તન : ( Crop Transformation) : પરંપરાગત પાકોની જગ્યાએ વધુ વળતર આપતા પાકો લેવાની પ્રક્રિયા એટલે પાક પરિવર્તન.
- ખંડ વિભાજન : ( Divide The Room) : ખેતીમાં માલિકની જમીનની તેના વારસદારો વચ્ચે વિભાગો પાડી વહેંચણી કરવામાં આવે તેને ઉપ વિભાજન કહેવાય છે.
- ઉપ વિભાજન : ( Subdivision ) : ખેતીમાં માલિકીની જુદી-જુદી જગ્યાએ આવેલી જમીનની તેના વારસદારો વચ્ચે દરેક જગ્યાએ વિભાગો પાડી વહેંચણી કરવામાં આવે તેને ખંડ વિભાજન કહેવાય છે.
- સીમાંત ખેડૂત : જે ખેડૂત પાસે 0.5 હેકટરથી ઓછી જમીન હોય તેવા ખેડૂતને સીમાંત ખેડૂત કહે છે.
- અર્ધસીમાંત ખેડૂત : જે ખેડૂત પાસે 1 હેકટરથી ઓછી જમીન ઓય તેવા ખેડૂતોને અર્ધ સીમાંત ખેડૂત કહે છે.
- અતિનાના ખેડૂત : જે ખેડૂત પાસે 2 હેકટર કરતાં ઓછી જમીન હોય તેવા ખેડૂતને અતિનાના ખેડૂત તરીકે ઓળખવામાં આવે છે.
- નાના ખેડૂત : જે ખેડૂત પાસે 4 હેકટરથી ઓછી જમીન હોય તેને નાના ખેડૂત તરીકે ઓળખવામાં આવે છે.
- મધ્યમ ખેડૂત : જે ખેડૂત પાસે 10 હેકટરથી ઓછી જમીન હોય તેને મધ્યમ ખેડૂત કહેવાય છે.
- મોટા ખેડૂત :જે ખેડૂત પાસે 10હેકટરથી વધારે જમીન હોય તેને મોટા ખેડૂત કહે છે.

## 7.8 તમારી પ્રગતિ ચકાસો

ક. વિસ્તૃત સવાલો :

1. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની વિવિધ સમસ્યાઓ વર્ણવો
2. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રના વિકાસના નિર્દેશકો જણાવો

ખ. ટૂંકનોધ સ્વરૂપના સવાલો :

1. ખેતી વિકાસને અસર કરતાં પરિબળો
2. કેન્દ્ર સરકારની કૃષિલક્ષી યોજનાઓ
3. રાજય સરકારની કૃષિલક્ષી યોજનાઓ

ગ. યોગ્ય વિક્લ્પની પસંદગી કરો :

1. ગુજરાતમાં રોકડિયા પાકોનું વાવેતર......
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
2. ગુજરાતમાં હલકા બિયારણનો ઉપયોગ......
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
3. ગુજરાતમાં સિંચાઇની સગવડ....
   (અ) પૂરતી છે. (બ) અપૂરતી છે. (ક) જરૂર કરતાં વધુ છે. (ડ) નહિવત છે.
4. કૃષિ પેદાશના ભાવોમાં શું થાય છે ?
   (અ) સ્થિર રહે છે. (બ) નહિવત ફેરફાર (ક) ફેરફાર થતો નથી. (ડ) વિશેષ ફેરફાર
5. રાજયના ઘરગથ્થુ ઉત્પાદનમાં કૃષિક્ષેત્રે સાપેક્ષ ફાળો.....
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
6. દિન-પ્રતિદિન ગુજરાતના ખેડૂતોની સ્થિતિ
   (અ) સુધરી છે. (બ) બગડી છે. (ક) ફેરફાર નથી થયો (ડ) કંગાળ થઇ છે.
7. કૃષિક્ષેત્રમાં ધિરાણ ....
   (અ) વધ્યું છે. (બ) ઘટ્યું છે. (ક) સ્થિર રહ્યું છે. (ડ) વધઘટ થાય છે.
8. ગુજરાતની ખેતીમાં યાંત્રિકીકરણ ....
   (અ) વિકસી રહ્યું છે. (બ) વિકસતું નથી (ક) સ્થિર છે. (ડ) અવિકસિત છે.
9. ગુજરાતની ખેતીમાં કઇ સત્તાની યોજનાઓ જોવા મળે છે ?
   (અ) કંપની (બ) રાજયની (ક) કેન્દ્ર તથા રાજયની (ડ) એક પણ નહી.
10. પ્રધાનમંત્રી પાક વીમા યોજના કઇ સત્તાની છે.
   (અ) કેન્દ્રની (બ) રાજયની (ક) કેન્દ્ર તથા રાજયની (ડ) એક પણ નહી.

## 7.8 સંદર્ભ : ( References ) :


1. Directorate of Agriculture, Gujarat State Gandhinagar (https://dag.gujarat.gov.in/estimate.htm)
2. https://www.indiatoday.in/education-today/gk-current-effairs/story/10-important-government-Schemes-agri culture-sector-divd-1593413-2019-08-30
3. જોષી ભાસ્કર હ. (1991), ભારતનું કૃષિ ક્ષેત્ર : વિકાસ અને પડકારો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ
4. વારોતરિયા આર.કે (2012), કૃષિ અર્થકરણ

5. સામાજિક આર્થિક સમીક્ષા, 2006-07,2016-17 અને 2017-18

**જવાબ :** 1-અ 2-બ 3-બ 4-ડ 5-બ
6-અ 7-અ 8-અ 9-ક 10-અ